નં. ગવક/મિશન અંત્યોદય/૦૮૯
કમિશ્નર ગ્રામવિકાસની કચેરી,
બ્લોકનં.૧૬/૩,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તારીખ :૦૮/૦૯/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,
તમામ.

વિષય : મિશન અંત્યોદય અંતર્ગત કરવાના થતા ગ્રામ્ય કક્ષાના સર્વેક્ષણ માટે માસ્ટર ટ્રેનરની તાલીમ બાબત.

ઉપરોક્ત વિષય અનુસંધાનમાં જણાવવાનું કે, ભારત સરકારશ્રીની સુચના અનુસાર મિશન અંત્યોદય યોજના અંતર્ગત ગ્રામ્ય કક્ષાનું સર્વેક્ષણ કરાવવાનું થાય છે. આ સર્વેક્ષણ માટે મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને રાજય કક્ષાના વર્કશોપનું આયોજન તા. ૧૧/૦૯/૨૦૧૭ ના રોજ રાખવામાં આવેલ છે. આ વર્કશોપ માટે જિલ્લાઓમાંથી નીચે જણાવ્યા અનુસારના પ્રતિનિધિઓને માસ્ટર ટ્રેનરની તાલીમ લેવા માટે મોકલી આપવાના રહે છે. આ તાલીમમાં આવનાર પ્રતિનિધિઓએ તેઓના સ્માર્ટ ફોન સાથે રાખવાના રહેશે.

સ્થળ : ઓડીટોરીયમ, અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ, ઉસ્માનપુરા, અમદાવાદ

તારીખ: ૧૧/૦૯/૨૦૧૭, સોમવાર

| |
|---|
| નાયબ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા આંકડા અધિકારી,<br>ડી.એલ.ઈ. (આંકડા શાખા), ડી.એલ.એમ.–મિશન મંગલમ, એપીઓ–આંકડા |
| એન્જીનીયરીંગ કોલેજના ૧ પ્રોફેસર / અન્ય કોલેજના નોડલ પ્રોફેસર |

| ક્રમ | વિગત | સમય |
|---|---|---|
| ૧ | રજીસ્ટ્રેશન , ચા–અલ્પાહાર | ૧૦.૦૦ થી ૧૦.૩૦ |
| ૨ | સ્વાગત પ્રવચન–શ્રી હિતેન પારેખ, સંયુકત નિયામક (મોનીટરીંગ) | ૧૦.૩૫ થી ૧૦.૪૦ |
| ૩ | શ્રીમતી મોના ખંધાર, માન.કમિશ્નરશ્રીનું પ્રાસંગિક પ્રવચન | ૧૦.૩૫ થી ૧૦.૫૦ |
| ૪ | રાજયકક્ષાથી જિલ્લા કક્ષા સુધીની તાલીમ, યોજના અંગેની શૈક્ષણિક મટીરીયલ તથા તાલીમની પધ્ધતિ અને આયોજન અંગે સમજ –<br>શ્રી ભરત પાઠક , નિયામકશ્રી, એસ.આઈ.આર.ડી. | ૧૦.૫૦ થી ૧૧.૦૫ |
| ૫ | ગ્રામ્ય સર્વેક્ષણમાં સીઆરપીની ભૂમિકા – શ્રી જે.જી.હિંગરાજીયા, એમ.ડી., જી.એલ.પી.સી. | ૧૧.૦૫ થી ૧૧.૨૦ |
| ૬ | મિશન અંત્યોદય યોજનાકીય સમજ –<br>સુશ્રી ભાર્ગવી દવે, અધિક કમિશ્નરશ્રી | ૧૧.૨૦ થી ૧૧.૩૫ |
| ૭ | વિવિધ મોબાઈલ એપ્સની તથા વેબ બેજની પ્રેકટીકલ તાલીમ | ૧૧.૩૫ થી ૧૨.૩૫ |
| ૮ | લંચ બ્રેક | ૧૨.૩૫ થી ૧.૩૦ |
| ૯ | આઈ.ટી. રીલેટેડ પ્રશ્નોની સમજ | ૧.૩૦ થી ૨.૩૦ |
| ૧૦ | આભાર વિધી | ૨.૩૦ થી ૨.૩૫ |

આ રીતે જિલ્લામાંથી કુલ–૬ પ્રતિનિધિઓને સર્વે માટેના માસ્ટર ટ્રેનર તરીકેની તાલીમ માટે મોકલવાના રહેશે. આ અધિકારીશ્રીઓ માસ્ટર ટ્રેનર તરીકે જિલ્લામાં કામગીરી કરવાની રહેશે. આ વર્કશોપ માટેની સમય સારણી નીચે મુજબ રહેશે. ૬ થી વધુ પ્રતિનિધિ કોઈ જિલ્લાએ મોકલવાના રહેશે નહિ.

આ કાર્યક્રમ માટે સમગ્ર મિશન અત્યોદય તથા સ્વચ્છતા પખવાડીયા માટે નીચે મુજબના અધિકારીઓની નિમણૂંક કરવાની રહેશે.

| ક્રમ | અધિકારીનું નામ | મિશન અંત્યોદયનો હોદ્દો અને કામગીરી |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી, જિલ્લા ગ્રામવિકાસ એજન્સી | નોડલ ઓફીસર, મિશન અંત્યોદય |

| | | |
|---|---|---|
| | | સમગ્ર યોજનાનું માગ''દશ''ન અને સંકલન |
| ૨ | નાયબ જિલ્લા વિકાસ અધિકારી (જિલ્લા વિકાસ અધિકારી આ માટે તેમના શ્રેષ્ઠ અને કાર્યદક્ષ અધિકારીને નિયુકત કરવાના રહેશે. | મિશન અંત્યોદય અમલીકરણ અધિકારી |
| ૩ | જિલ્લા આંકડા અધિકારી | મિશન અંત્યોદય માટે પસંદ કરેલા ગામોની સર્વેક્ષણની તાલીમ અને સંકલન |
| ૪ | ડી.એલ.એ. | સમગ્ર જિલ્લાના આઈ.ટી. નોડલ અધિકારી |
| ૫ | ડી.એલ.એમ.–જીએલપીસી | સીઆરપીની સર્વેક્ષણ કામગીરીનું સંકલન |
| ૬ | એન્જીનીયરીગ કોલેજના પ્રિન્સીપાલ | ગ્રામ્ય કક્ષાના સર્વેક્ષણ માટેના નોડલ અધિકારી |

તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આ તમામના નામ, મોબાઈલ નંબર તથા ઈ.મેઈલ એડ્રેસની માહિતી મોકલવાની રહેશે.

આપન તા. ૧/૦૯/૨૦૧૭ ના રોજ આપવામાં આવેલ પી.પી.ટી.ની પેન નંબર–૧૫ પર આવેલ "મેઝરીંગ જીપી પરફોમન્સ હાઉસ હોલ્ડ  વેલડીગ અંગેના માપદંડોમાં મિશન અંત્યોદય હેઠળ પસંદ કરાયેલા ગામો કયા સ્ટેજે છે તેની માહિતી પણ તૈયાર કરી હાડ'' અને સોફટ કોપીમાં સોમવારે સબંધિત અધિકારીશ્રી સાથે વક''શોપમાં રજુ કરવાની રહેશે.

બિડાણ : પીપીટીની નકલ

કમિશ્નર–વ–સચિવ
ગ્રામવિકાસ–ગુજરાત રાજય
ગાંધીનગર